# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી

વંચાણમાં : અત્રેની કચેરીના પરિપત્રના શેરા ક્રમાંક નકૃયુ/હિઅહિનિ/કન્ટ્રોલ/૧૧૬૪૮–૫૧/૨૦૧૩, તારીખ ૨૬/૧૧/૨૦૧૩

વિષય : <u>બેન્ક રીકન્શીલેશન (મેળવણા) કરવા બાબત...</u>

## પરિપત્ર

આ યુનિવસિર્ટીની તમામ કચેરીઓના નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ કચેરીના વંચાણે લીધેલ પરિપત્રથી આ યુનિવર્સિટીના નાણાંકિય વ્યવહારો સરળતાથી ચાલે તે માટે દરેક કચેરીના નામનું બેંક ખાતુ ખોલાવવાની મંજુરી આપવામાં આવેલ છે, જે અન્વયે આ યુનિવર્સિટીન તમામ કચેરીઓએ બેંક ખાતા ખોલાવી લીધેલ છે. આ યુનિવર્સિટીના તમામ આવક અને ખર્ચના ચુકવણા હવે ફરજીયાત બેંક દવારા કરવાના થતા હોય, જે તે દિવસની કચેરીમાં થયેલ નાણાંકિય લેવડ–દેવડની નોંધ જે તે દિવસે જ કેશબુકમાં કરી લેવાની રહે છે અને જે તે માસના અંતે બેંક સાથે થયેલ લેવડ–દેવડ અંગે કેશબુક અને બેંક સાથે જે તફાવત આવે તેનું બેંક રી–કન્સીલેશન કરી જેની એક નકલ આ કચેરીને મોકલી આપવા સંદર્ભના પરિપત્રથી સૂચના આપવામા આવેલ હતી. ઘણી ખરી કચેરીઓ તરફથી બેંક સિલકનું મેળવણું કરવામાં આવેલ નથી તેવ હાલમાં લોકલ ફંડ ઓડિટના ધ્યાને આવેલ છે. અત્રેથી સૂચના હોવા છંતા બેંક સિલકનું મેળવણું કરેલ નથી. જે ગંભીર બાબત હોય, નાણાંકિય બાબતોને ગંભીરતા ગણી જે કચેરીએ મેળવણું કરેલ ન હોય તેઓએ તાત્કાલિક આ કાર્યવાહી પૂર્ણ કરવા ફરીથી સૂચના આપવામાં આવે છે, અને હવે દર માસનું મેળવણું કરી જેની એક નકલ અત્રે ઈ–મેઈલથી control2@nau.in ઉપર સોફટ કોપીમાં ફરજીયાત મોકલી આપવાની રહેશે.

અત્રેથી સૂચના હોવા છંતા જે કચેરી બેંક સિલકનું મેળવણું નહિં કરે, અને ભવિષ્યમાં નાણાંકિય પ્રશ્નો તથા ઓડિટ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની જવાબદારી નાણાં–ચૂકવણા અને ઉપાડ અધિકારીની રહેશે, જે જાણ સારૂ.

**હિસાબ નિયામક**

હિસાબ નિયામકશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

જા.નં. નકુયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/૭૩૮૯–૪૩૮/૨૦૧૪
તારીખ : ૧૭/૦૯/૨૦૧૪

**<u>નકલ સવિનય રવાના</u> :**

૧) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨) તમામ નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ
૨/– જાણ તેમજ ઘટતુ થવા સારૂ.

**<u>નકલ રવાના</u> :**

૧) વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી